# સૂત્રજ્ઞાન

## સૂત્ર એટલે શું ?

- ☐ સૂત્ર એટલે ગુરૂવંદન, ચૈત્યવંદન, સામાયિક, પ્રતિક્રમણની પવિત્ર ક્રિયામાં બોલાતા ધર્મ પાઠો.
- ☐ સૂત્રો એટલે ગણધર ભગવંતો વગેરેએ બનાવેલી ધર્મની સુંદર રચના.
- ☐ સૂત્રો એટલે હૃદયના ભાવોને પવિત્ર બનાવવાની ક્રિયા.
- ☐ બે પ્રતિક્રમણ અને પાંચ પ્રતિક્રમણના સૂત્રો અંતર જગતને અજવાળનારા છે અને વૈજ્ઞાનિક નિયમોથી ગુંથાયેલા છે.
- ☐ સૂત્રને અર્થ પૂર્વક જાણવાથી વૈજ્ઞાનિક પરિવર્તન અને ભાવોની વૃદ્ધિ થાય છે.
- ☐ સૂત્ર એટલે છંદ, લય, ભાવ, રસ અને અર્થને પ્રગટ કરનારો દિવ્ય ધ્વનિ.
- ☐ સૂત્ર એટલે પરમ પ્રકૃતિના લય સાથે પોતાનો લય મેળવવાની પાવન ક્રિયા.
- ☐ સૂત્રજ્ઞાન એટલે આત્મજ્ઞાનનો પ્રાપ્ત કરવાનો દિવ્ય પુલ.
- ☐ સૂત્રજ્ઞાન એટલે જીવનની ખરાબીની શુદ્ધિ અને આંતરિક ગુણોની વૃદ્ધિ કરવાની રાસાયણિક પ્રક્રિયા.

## આવશ્યક સૂત્રોનો ઉપયોગ કરતાં...

- ☐ મુદ્રા બતાડાય છે.
- ☐ પ્રતિજ્ઞા લેવાય છે.
- ☐ શાંતિની ઉદ્‌ઘોષણા થાય છે.
- ☐ પ્રાચ્છિત મંગાય છે.
- ☐ પ્રાર્થના કરાય છે.
- ☐ વિધિ થાય છે.
- ☐ સ્થાપના સ્થપાય છે.
- ☐ બહુમાન થાય છે.
- ☐ ધ્યાન કરાય છે
- ☐ જાપ કરાય છે.
- ☐ વંદના થાય છે.
- ☐ ક્ષમા મંગાય છે.
- ☐ સમુહમાં સૂર પૂરાય છે.
- ☐ છુટછાટ મંગાય છે.
- ☐ સ્થાપના ઉત્થાપન થાય છે.

jainuniversity.org
સત્ જ્ઞાનાય ભવતુ

# સૂત્ર પરિચય

| સૂત્ર | શા માટે |
|---|---|
| નવકાર મંત્ર, | જાપ ધ્યાન માટે |
| પંચિંદિય, | ગુરૂસ્થાપના માટે |
| ઈચ્છામિ ખમાસમણો, | દેવગુરુને વંદન માટે |
| ઈચ્છકાર, | સુગુરુને સુખ શાતા પુછવા માટે |
| ઈરિયાવહિયં, | પાપના પ્રાયશ્ચિત માટે |
| અન્નત્થ , | કાઉસ્સગ્ગમાં આગાર માટે |
| લોગસ્સ, | માળા કાઉસ્સગ્ગમાં સ્મરણ |
| કરેમિભંતે, | વિરતિના પચ્ચક્ખાણ માટે |
| સામાઈય વયજુત્તો, | સામાયિક પારવા માટે |
| જંગચિંતામણિ, | શાશ્વતા તીર્થ સ્મરણ માટે |
| ઉવસગ્ગહરં, | સ્તવન સ્રોત માળા જાપ માટે |
| જયવીયરાય, | પ્રભુ પ્રાર્થના માટે |
| કલ્લાણકંદં, | થોય સ્તુતિ માટે |
| સંસારદાવાનલ, | થોય સજ્ઝાય |
| વંદિત્તુ , | ૧૨ વ્રતના અતિચાર |
| અબ્ભુટ્ઠિઓ, | ગુરૂવિનય આશાતનાને ખમાવવા |
| સાતલાખ, | ૮૪ લાખ યોનિ સાથે ક્ષમાપના |
| લઘુશાંતિ, | શાંતિની ઉદ્‌ઘોષણા |
| મન્હજિણાણં, | શ્રાવકની સજ્ઝાય |
| સકલતીર્થ, | ત્રણ લોકના તીર્થોની વંદના. |

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

# પાઠશાળામાં ભણાવાતા સૂત્રો

- ☐ સામાયિકના,
- ☐ ચૈત્યવંદનના,
- ☐ દેવવંદનના
- ☐ બે પ્રતિક્રમણના,
- ☐ પાંચ પ્રતિક્રમણના,
- ☐ ચાર પ્રકરણ,
- ☐ ત્રણ ભાષ્ય,
- ☐ છ કર્મગ્રંથ,
- ☐ લઘુ સંગ્રહણી,
- ☐ બૃહત્ સંગ્રહણી
- ☐ તત્ત્વાર્થ,
- ☐ ક્ષેત્ર સમાસ
- ☐ યોગશાસ્ત્ર, જ્ઞાનસાર
- ☐ વૈરાગ્ય શતક,
- ☐ સિંદુર પ્રકરણ

# પાઠશાળામાં ભણેલા સૂત્રોથી કરાતી શુભક્રિયા

| | | |
|---|---|---|
| ☐ સામાયિક, | ☐ ગુરૂવંદન, | ☐ ચૈત્ય વંદન, |
| ☐ દેવવંદન, | ☐ ફોટા વંદન, | ☐ દ્વાદશાવર્તવંદન, |
| ☐ પૌષધ, | ☐ દેસાવગાસિક, | ☐ અતિથિ સંવિભાગ |
| ☐ પાંચ પ્રતિક્રમણ | ☐ રાઈમુહપત્તી, | ☐ સંથારા પોરીસિ |
| ☐ માંડલા | ☐ પોરસી, | ☐ પચ્ચક્ખાણ પારવું, |
| ☐ ઉપધાન | ☐ વાચન, | ☐ નાણનીક્રિયા, |
| ☐ પડિલેહણ | ☐ ગમણા ગમણે. | |

## ગાથા ગોખવાની રીત

૧) ગુરુમહારાજ પાસે કે પાઠશાળાના શિક્ષક પાસે વિનય સહિત શુદ્ધ ઉચ્ચાર પૂર્વક ગાથા લેવી જોઈએ.

૨) લીધેલી ગાથા ગોખતી વખતે, ચોપડીમાં તે ગાથાના અક્ષરો સામે જ નજર રાખવી જોઈએ. ચોપડી બહાર નજર રાખીને ગાથા ગોખાય નહિ.

૩) ગાથાનાં ચાર પાદ હોય છે. તેમાં સૌપ્રથમ એકલું પ્રથમ પાદ જ ગોખવું જોઈએ. પહેલું પાદ ગોખાઈ ગયા પછી બીજું પાદ ગોખવું જોઈએ. ત્યાર પછી પહેલું અને બીજું આ બંને પાદ સાથે ગોખવાં જોઈએ. આમ અડધી ગાથા સારી રીતે ગોખાઈ ગયા પછી, એકલું ત્રીજું પાદ ગોખવું જોઈએ. ત્રીજું પાદ સારી રીતે ગોખાઈ ગયા પછી, ચોથું પાદ ગોખવું જોઈએ. ત્યાર પછી ત્રીજું અને ચોથું આ બંતે પાદ સાથે ગોખવાં જોઈએ. આમ નીચેની અડધી ગાથા સારી રીતે ગોખાઈ ગયા પછી જ, આખી ગાથા એક સાથે સારી રીતે ગોખીને રૂઢ કરવી જોઈએ.

૪) આમ ખૂબ સારી રીતે ગોખીને રૂઢ કરેલી ગાથા જલ્દી ભુલાતી નથી, લાંબા સમય સુધી યાદ રહે છે.

૫) શિક્ષકે આવી રીતે ગોખાઈને રૂઢ થયેલી ગાથા જ લેવી જોઈએ.

૬) ચોપડી બહાર નજર રાખીને માત્ર બે મિનિટ ગોખેલી ગાથા રૂઢ થયેલી હોતી નથી. તે માત્ર ધારી લીધેલી જ હોય છે, તેથી થોડી વારમાં જ ભુલાઈ જાય છે. કલાક/બે કલાક સુધી પણ યાદ રહેતી નથી.

૭) શિક્ષકે ગોખાઈને રૂઢ થયા વગરની, માત્ર ધારી લીધેલી ગાથા લેવી જોઈએ નહિ.

# પાંચ પ્રતિક્રમણના સૂત્રો સંબંધિત પ્રશ્નમાળા

પ્ર. ૧ ક્યા સૂત્રની રચના એકથી વધુ વ્યક્તિઓએ (શાસનદેવી) કરી છે ?

ઉ. ૧ સંસાર દાવા.

પ્ર.૨ ક્યા સૂત્રમાં બે ભાષાનો ઉપયોગ કરાયો છે ?

ઉ.૨ ૧. સંસાર દાવા, ૨.સામાઈય વયજુત્તો, ૩. અતિચાર, ૪. સાગર ચંદો,
૫. ઇચ્છકાર

jainuniversity.org

પ્ર.૩ ક્યા સૂત્રના ત્રણ જુદા જુદા નામ છે ?

ઉ.૩ ૧. નવકાર મહામંત્ર, ૨. વંદિત્તુસૂત્ર.

પ્ર.૪ ક્યા ક્યા સૂત્રના બબ્બે નામો છે ?

ઉ.૪
૧)લોગસ્સ–નામસ્તવ.
૨)નમુત્થુણં–શક્રસ્તવ.
૩) જયવીયરાય–પ્રાર્થના સૂત્ર
૪)ઇચ્છામિખમા–પંચાંગપ્રણિપાતસૂત્ર
૫) પંચિંદિય–સ્થાપના સૂત્ર.
૬) સિદ્ધાણં બુદ્ધાણં–સિદ્ધસ્તવ.
૭) અરિહંત ચેઈયાણં–ચૈત્ય સ્તવ.
૮) પુક્ખરવરદી–શ્રુતસ્તવ.
૯) સાગરચંદો–પૌષધ પારવાનું સૂત્ર
૧૦) નમોડર્હત–પંચ પરમેષ્ઠી સૂત્ર
૧૧) અઢ્ઢાઈજજેસુ– મુનિવંદન સૂત્ર
૧૨) ઇચ્છકાર–સુગુરૂ સુખશાતા પૃચ્છા
૧૩) કરેમિ ભંતે–પ્રતિજ્ઞાસૂત્ર
૧૪) નાણમ્મિ–અતિચાર.
૧૫) સામાઈય–સમાયિક પારવાનું સૂત્ર
૧૬) ઇરિયાવહિયં–લઘુપ્રતિક્રમણ
૧૭) જગચિંતામણિ–ચૈત્યવંદનસૂત્ર
૧૮) સકલ તીર્થ– તીર્થ વંદના
૧૯) અબ્ભુઢ્ઢીઓ– ગુરૂ ખામણા સૂત્ર
૨૦) વાંદણા– ગુરૂ વંદના સૂત્ર.
૨૧) સંસારદાવા–વીરસ્તુતિ
૨૨) તસ્સઉત્તારી–વિશેષ શુદ્ધિકરણ સૂત્ર
૨૩) અન્નત્થ–આગાર સૂત્ર.

પ્ર.૫ ક્યુ સૂત્ર બોલતાં બે મુદ્રાનો ઉપયોગ થાય છે ?

ઉ.૫ ૧) જયવીયરાય. ૨) વંદિત્તુ. ૩) વાંદણા.

પ્ર.૬ ક્યા બે સૂત્રોના વિચારો એક સરખા છે ?

ઉ.૬ ૧) કમલ દલ, ૨) યસ્યાઃ ક્ષેત્રં, ૩) જંકિંચી, ૪) જાવંતિ,
૫)જાવંત, ૬) ઈચ્છામિ ખમાસમણો, ૭) વેયાવચ્ચ, ૮) જ્ઞાનાદિ,
૯) ઈચ્છકાર ૧૦) સવ્વસવિ, ૧૧) સુઅ દેવયા, ૧૨) જીસેખિતે,
૧૩) નમોઽર્હત્.

jainuniversity.org

પ્ર.૭ માત્ર ગુજરાતી ભાષામાં ક્યા ક્યા સૂત્ર છે ?

ઉ.૭ ૧. અતિચાર, ૨. સકલતીર્થ, ૩.સાત લાખ, ૪. ૧૮ પાપ સ્થાનક.

પ્ર.૮ ક્યા સૂત્રથી અઢી દ્વીપના સાધુઓને વંદના થાય છે ?

ઉ.૮ ૧) અઢ્ઢાઈ જજેસુ, ૨) સકલતીર્થ, ૩) જાવંતકેવિ, ૪) નમો લોએસવ્વસાહૂણં

પ્ર.૯ ક્યા સૂત્રથી ત્રણ લોકના તીર્થ-બિંબને નમસ્કાર થાય ?

ઉ.૯ ૧) જંકિંચી, ૨) સકલતીર્થ, ૩) જગચિંતામણી, ૪)જાવંતિ ચેઈઆઈ

सर्व ज्ञानाय भवतु

પ્ર.૧૦ પ્રતિક્રમણમાં ક્યા સૂત્રો બેનો ભણી (બોલી) શકતા નથી ?

ઉ.૧૦ ૧) વરકનક, ૨) વિશાલ લોચન, ૩)નમોઽર્હત્, ૪) સુઅદેવયા,૫) નમોઽસ્તુ,
૬) જીસેખિત્તે.

પ્ર.૧૧ ક્યું સૂત્ર પુરૂષોને બોલવાની ના પાડી છે ?

ઉ.૧૧ કમલદલ.

પ્ર.૧૨ ક્યા સૂત્રોનું કાઉસ્સગ્ગમાં સ્મરણ થાય છે ?

ઉ.૧૨ ૧. નવકાર, ૨. લોગસ્સ, ૩. નાણંમિ.

પ્ર.૧૩ ક્યા સૂત્રોને કાઉસ્સગ્ગમાં શાંતિથી સાંભળવાના હોય છે ?

ઉ.૧૩ ૧) ચાર થોયના જોડા, ૨) નાની શાંતિ, ૩) મોટી શાંતિ, ૪) કમલદલ,
૫) યસ્યાઃ ક્ષેત્રં, ૬) જ્ઞાનાદિ ગુણ, ૭) જીસેખિતે, ૮) સર્વે યક્ષા,
૯) સુઅદેવયા, ૧૦) પક્ખી સૂત્ર (શ્રાવકો માટે)

પ્ર.૧૪ કાઉસ્સગ્ગમાં સૂત્રના સ્મરણના બદલે ક્યા વિષયનુ ચિંતવન થાય છે ?

ઉ.૧૪ તપચિંતવનની ભાવના રાઈ પ્રતિક્રમણ વખતે કરાય ચે.

jainuniversity.org

પ્ર.૧૫ ક્યા સૂત્રમાં ૨૪ તીર્થંકર ભગવાનનાં નામો આવે છે ?

ઉ.૧૫ ૧) લોગસ્સ, ૨) સકલાડર્હત્, ૩) મોટી શાંતિ.

પ્ર.૧૬ ક્યા સૂત્રોમાં ૫ તીર્થંકર ભગવાનના નામો આવે છે ?

ઉ.૧૬ ૧) કલ્લાણકંદં, ૨) જગચિંતામણિં

પ્ર.૧૭ ક્યા સૂત્રોમાં ૨ તીર્થંકર ભગવાનના નામો આવે છે ?

ઉ.૧૭ ૧) સિદ્ધાણં બુદ્ધાણં,૨) અજિત શાંતિ.

પ્ર.૧૮ ક્યા સૂત્રોમાં માત્ર ૧ તીર્થંકર ભગવાનનું નામ આવે છે ?

सर्व ज्ञानाय भवतु

ઉ.૧૮ ભક્તામર, ઉવસગ્ગહરં, સંસારદાવા, નાની શાંતિ, ચઉક્કસાય, સંતિકરં, સ્નાતસ્યા.

પ્ર.૧૯ ક્યા સૂત્રમાં શાશ્વતી પ્રતિમાની સંખ્યા (તથા નામ) આવે છે ?

ઉ.૧૯ સકલતીર્થ, જગચિંતામણી

પ્ર.૨૦ ક્યા સૂત્રમાં ૧૭૦ ભગવાનની (૫ રંગની પરિવારની) વાત આવે છે ?

ઉ.૨૦ વરકનક, જગતચિંતામણી

પ્ર.૨૧ ક્યા સૂત્રમાં ૨૦ વિરહમાન ભગવાનના કેવળજ્ઞાની તથા સાધુની સંખ્યા આવે છે?

ઉ.૨૧ જગતચિંતામણી.

પ્ર.૨૨ ક્યા સૂત્રનો ઉપયોગ 'સજ્ઝાય' તરીકે થાય છે?

ઉ.૨૨ સંસારદાવા, ભરહેસર, ઉવસગ્ગહરં, નવકાર, મન્હજીણાણં

પ્ર.૨૩ ક્યા સૂત્રનો ઉપયોગ 'સ્તવન' તરીકે થાય છે ?

ઉ.૨૩ ઉવસગ્ગહરં, સંતિકરં, અજિતશાંતિ,

પ્ર.૨૪ ક્યા સૂત્રનો ઉપયોગ 'માંગલિક' કાર્યોમાં થાય ?

ઉ.૨૪ નવકાર, ઉવસગ્ગહરં, સંતિકરં, નાની શાંતિ, મોટી શાંતિ.

પ્ર.૨૫ ક્યા સૂત્રનો ઉપયોગ માત્ર 'એક જ' પ્રતિક્રમણમાં થાય છે ?

ઉ.૨૫ સકલતીર્થ, ભરહેસર, સકલાડર્હત્, અજિત શાંતિ.

પ્ર.૨૬ ક્યા સૂત્રનો ઉપયોગ 'ત્રણ' પ્રતિક્રમણમાં થાય છે ?

ઉ.૨૬ અતિચાર, મોટીશાંતિ, સકલાડર્હત્, અજિત શાંતિ, પક્ખી સૂત્ર, સ્નાતસ્યા સ્તુતિ.

પ્ર.૨૭ ક્યા સૂત્ર માત્ર 'ગુરૂ' સંબંધી ઉપયોગી થાય છે ?

ઉ.૨૭ ઇચ્છકાર, અબ્ભુટ્ઠિઓ, જાવંતકેવિ, અઢ્ઢાઈજજેસુ, પંચિંદિય, વાંદણા, ઇચ્છામિખમા, આયરિય ઉવજ્ઝાય, ભુવનદેવતા સ્તુતિ, ક્ષેત્ર દેવતા સ્તુતિ.

પ્ર.૨૮ ક્યા સૂત્ર બધા મોટા અવાજે સાથે મળી બોલે છે ?

ઉ.૨૮ સંસાર દાવા, આમુલાલોલધૂલી, સુઅદેવયા, ખમાસમણ, નમોડસ્તુવર્ધમાનાય, વરકનક, નમોડર્હત્, ભગવાનડહં.

પ્ર.૨૯ ક્યા સૂત્રમાં અનેક મહાપુરૂષોના નામો છે ?

ઉ.૨૯ ભરહેસર.

પ્ર.૩૦ વર્ષમાં 'દેવસી–રાઈ' પ્રતિક્રમણ કેટલા કરાય છે ?

ઉ.૩૦ દેવસિ–૩૩૫– (૩૬૦), રાઈ–૩૬૦.

પ્ર.૩૧ વર્ષમાં 'માંગલિક' પ્રતિક્રમણ કેટલા કરાય છે ?

ઉ.૩૧ ૨૫ (પચ્ચીસ)

પ્ર.૩૨ વર્ષમાં પક્ખી ચઉમાસી–સંવત્સરી કેટલાકરાય છે ?

ઉ.૩૨ પક્ખી–૨૧. ચઉમાસી–૩. સવંત્સરી–૧

પ્ર.૩૩ મોટા સૂત્ર આવડતાં ન હોય તો તેના સ્થાને બીજા ક્યા સૂત્ર બોલાય ?

ઉ.૩૩ અતિચાર = વંદિત્તુ, વંદિત્તુ = ૫૦ નવકાર, નાણંમિ = ૮ નવકાર, ૧ લોગસ્સ = ૪ નવકાર, પક્ખી સૂત્ર = વંદિત્તુ(શ્રાવકના માટે), તપચિંતવન = ૧૬ નવકાર.

પ્ર.૩૪ ક્યા સૂત્રોમાં '૧૨ આગારો'નું વર્ણન આવે છે ?

ઉ.૩૪ અન્નત્થ.

પ્ર.૩૫ ક્યા સૂત્રથી '૧૩ માંગણી' ભગવાન પાસે થાય છે ?

ઉ.૩૫ જયવીયરાય સૂત્ર.

પ્ર.૩૬ ક્યા સૂત્રમાં ૧૨ વ્રતોનો અધિકાર સંક્ષિપ્ત–વિસ્તૃત આવે છે ?

ઉ.૩૬ અતિચાર સૂત્ર, વંદિત્તુ સૂત્ર.

પ્ર.૩૭ ક્યા સૂત્રમાં ૧૬ વિદ્યાદેવીના નામો આવે છે ?

ઉ.૩૭ સંતિકરં, મોટી શાંતિ.

પ્ર.૩૮ ક્યા સૂત્રમાં ૧૮ પાપસ્થાનકના નામો આવે છે ?

ઉ.૩૮ અઢાર પાપસ્થાનક, અતિચાર, સંથારાપોરિસિ.

પ્ર.૩૯ ક્યા સૂત્રમાં ૧૯ પ્રકારની વિરાધનાની ક્ષમા મંગાય છે ?

ઉ.૩૯ ઈચ્છામિઠામિ.

પ્ર.૪૦ ક્યા સૂત્રમાં સાધુના ૩૬ ગુણની ટૂંક વિચારણા છે ?

ઉ.૪૦ પંચિંદિય.

પ્ર.૪૧ ક્યા સૂત્રમાં ૫.(૩૬) આચારની વિગત આવે છે ?

ઉ.૪૧ નાણંમિસૂત્ર.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

પ્ર.૪૨ ક્યા સૂત્રમાં ૨૪ તીર્થંકરના યક્ષ-યક્ષિણીના નામો છે ?

ઉ.૪૨ સંતિકરં સૂત્ર.

પ્ર.૪૩ ક્યા સૂત્રમાં તીર્થંકર ભગવાનના ૩૫ વિશેષણ આવે છે ?

ઉ.૪૩ (શક્રસ્તવ) નમુત્થુણં સૂત્ર.

પ્ર.૪૪ ક્યા સૂત્રથી ૬(૯) કોટી (પદ્ધતિ) ના પચ્ચક્ખાણ થાય ?

ઉ.૪૪ કરેમિભંતે,પોસહ સૂત્ર,દીક્ષા અવસરે સાધુ સર્વ કોટીના પચ્ચક્ખાણ(પ્રતિજ્ઞા) લે.

પ્ર.૪૫ ક્યા સૂત્રથી ૮ (૪) પહોર સુધીના વિરતિના પચ્ચક્ખાણ થાય ?

ઉ.૪૫ કરેમિ ભંતે પોસહં.

પ્ર.૪૬ ક્યા સૂત્રમાં ૧૮,૨૪,૧૨૦ ભાંગાની સંક્ષિપ્ત વાત છે ?

ઉ.૪૬ ઈરિયાવહીયં.

પ્ર.૪૭ ક્યા સૂત્રથી ૧૮ હજાર શીલાંગના ધારક મુનિને વંદના થાય ?

ઉ.૪૭ અડ્ઢાઈજ્જેસુ, સકલતીર્થ.

પ્ર.૪૮ ક્યા સૂત્રમાં ૮૪ લાખ જીવયોનિની ક્ષમાપના મંગાય છે ?

ઉ.૪૮ સાત લાખ સૂત્ર.

પ્ર.૪૯ ક્યા સૂત્રમાં ૪ મંગલ, લોકમાં ઉત્તમ, શરણરૂપના નામો છે ?

ઉ.૪૯ સંથારા પોરિસી.

પ્ર.૫૦ ક્યા સૂત્રને 'શાશ્વતું સૂત્ર' કહેવાય (કહી શકાય) છે ?

ઉ.૫૦ નવકાર, નમુત્થુણં, કરેમિભંતે.

પ્ર.૫૧ ક્યા સૂત્રની રચના કરવાથી ગુરૂએ શિષ્યને પ્રાયશ્ચિત આપ્યું ?

ઉ.૫૧ નમોઽર્હત્ સૂત્ર.

પ્ર.૫૨ ક્યા સૂત્રની રચના રાજા (સંઘ)ની વિનંતીના કારણે થઈ ?

ઉ.૫૨ ઉવસગ્ગહરં, નાની શાંતિ, ભક્તામર.

પ્ર.૫૩ ક્યા સૂત્રમાં એકપણ જોડાક્ષર આવતું નથી ?

ઉ.૫૩ સંસાર દાવા, અજીત શાંતિ–ગાથા ૩૭.

પ્ર.૫૪ ક્યા સૂત્રની એક ગાથામાં 'કુરુ કુરુ' શબ્દ ૫ વખત આવે છે ?

ઉ.૫૪ નાની શાંતિ ગાથા, અથ રક્ષ રક્ષ

પ્ર.૫૫ ક્યા સૂત્રની એક ગાથામાં જ 'લ'ની બારાખડીના ૧૫ અક્ષરો છે ?

ઉ.૫૫ સંસાર દાવા–ગાથા ૪

પ્ર.૫૬ ક્યા સૂત્રની એક ગાથામાં ૭ મંત્રાક્ષરો આવે છે ?

ઉ.૫૬ નાની શાંતિ. ગાથા ૧૪ ભગવતી ગુણવતી.

પ્ર.૫૭ ક્યા સૂત્રની રચના અનેક રાગમાં કરવામાં આવી છે ?

ઉ.૫૭ અજીતશાંતિ, સંસારદાવા સ્તુતિ, સ્નાતસ્યા સ્તુતિ.

પ્ર.૫૮ ક્યા સૂત્રનું સ્મરણ ઈન્દ્ર મહારાજા ઈન્દ્ર સભામાં યોગમુદ્રામાં કરે છે ?

ઉ.૫૮ નમુત્થુણં સૂત્ર.

પ્ર.૫૯ ક્યા સૂત્રનો ઉપયોગ 'નવકાર વાળી' ગણતાં થાય છે ?

ઉ.૫૯ નવકાર, લોગસ્સ, ઉવસગ્ગહરં.

પ્ર.૬૦ ક્યા સૂત્રમાં શ્રાવકના ૩૬ સદાચાર બતાડ્યા છે ?

ઉ.૬૦ મન્હજીણાણં સૂત્ર.

પ્ર.૬૧ ક્યા સૂત્રનો સંપૂર્ણ ઉપયોગ ક્રિયામાં ખાસ થાય છે ?

ઉ.૬૧ જયવીયરાય, લોગસ્સ (કાઉસ્સગ્ગમાં)

પ્ર.૬૨ ક્યા સૂત્રનો ઉપયોગ પ્રતિક્રમણમાં થોડા અંતરે ચાર વિભાગમાં થાય છે ?

ઉ.૬૨ કલ્લાણકંદં, સંસારદાવા, સ્નાતસ્યા, ભગવાનડહં.

પ્ર.૬૩ ક્યા સૂત્રથી ફીટ્ટાવંદન, થોભ વંદન, દ્વાદશાવર્તવંદન થાય ?

પ્ર.૬૩ ઈચ્છામિ ખમાસમણો, ઈચ્છાકાર, અબ્ભુટ્ઠિઓ.

પ્ર.૬૪ પાંચ પ્રતિક્રમણમાં નાનામાં નાનુ સૂત્ર અને મોટામાં મોટું સૂત્ર ક્યું ?

ઉ.૬૪ નાનું સૂત્ર- (૧) ભગવાનડહં, (૨) નમોડર્હત્.

મોટું સૂત્ર- (૧) અતિચાર, (૨) પક્ખી સૂત્ર.

પ્ર.૬૫ પાંચ પ્રતિ.ની ક્રિયામાં ઓછામાં ઓછો અને વધુમાં વધુ કાઉસગ્ગ કેટલા શ્વાસો શ્વાસનો હોઈ શકે ?

ઉ.૬૫ (૧) ઓછામાં ઓછા ૮ શ્વાસોશ્વાસ પાંચે પ્રતિક્રમણમાં.

(૨) વધુમાં વધુ ૧૦૦૮ શ્વાસોશ્વાસ સંવત્સરી પ્રતિક્રમણમાં.

પ્ર.૬૬ કઈ મુદ્રામાં ક્યા સૂત્રો બોલાય છે ?

ઉ.૬૬
- ☐ પંચિંદિય સૂત્ર-સ્થાપના મુદ્રા
- ☐ ખમાસમણં- પંચાંગ પ્રણિપાત
- ☐ ચૈત્યવંદન, નમુત્થુણં, સકલાર્હત્=યોગમુદ્રા
- ☐ જય વીયરાય, આયરિય, જાવંત, જાવંતિ=મુક્તાસુક્તિ મુદ્રા.
- ☐ લોગસ્સ, નાણમ્મી, નવકાર=કાઉસગ્ગ મુદ્રા.
- ☐ નવકાર-સ્થાપન-ઉત્થાપન વિગેરે અનેક મુદ્રા.
- ☐ વાંદણા-યથાજાત મુદ્રા.
- ☐ પ્રતિક્રમણ ઠાવવાનું- ચમુર મુદ્રા
- ☐ વંદિત્તુ-વીરાસન મુદ્રા (ધનુષ્ય મુદ્રા)
- ☐ અરિહંત ચેઈયાણં=જિનમુદ્રા.

પ્ર.૬૭ છ આવશ્યક ખાસ ઉપયોગી થાય તેવા ૧-૧ સૂત્ર બતાડો.

ઉ.૬૭ ૧) સામાયિક-કરેમિભંતે, ૨) ચઉવિસત્થો-ચૈત્યવંદન, ૩) વંદન-વાંદણા, ૪) પ્રતિક્રમણ-ઈચ્છામિ ઠામિ. વંદિતુ, ૫) કાઉસ્સગ્ગ-સુઅદેવયા કરેમિ. જ્ઞાન, દર્શન, ચારિત્ર આચારના., ૬) પચ્ચક્ખાણ-નવકારશી, ચઉવિહાર પચ્ચક્ખાણ વિગેરે .

પ્ર.૬૮ જે સૂત્રમાં જ્ઞાનના ઉપકરણના અને આચારના નામ છે તે લખો ?

ઉ.૬૮ અતિચાર, નાણંમિ.

પ્ર.૬૯ ક્યા સૂત્રથી શ્રુતજ્ઞાનને વંદન, શ્રુત દેવીનું સ્મરણ થાય છે ?

ઉ.૬૯ પુક્ખરવર, કમલદલ, સુઅદેવયા, વેયાવચ્ચગરાણં.

પ્ર.૭૦ ક્યા સૂત્રના નામ છેલ્લે 'સ્તવ' શબ્દ આવે છે ?

ઉ.૭૦ નામસ્તવ, શક્રસ્તવ, શ્રુતસ્તવ, સિદ્ધસ્તવ, ચૈત્યસ્તવ.

પ્ર.૭૧ ક્યા સૂત્રથી સિદ્ધ ભગવંતોની સ્તુતિ થાય છે ?

ઉ.૭૧ સિદ્ધાણં બુદ્ધાણં.

પ્ર.૭૨ ક્યા સૂત્રથી ક્ષેત્ર દેવતાને યાદ કરાય છે ?

ઉ.૭૨ યસ્યાક્ષેત્રં, જીસેખિત્તે.

પ્ર.૭૩ ક્યા સૂત્રને બોલતા (વિધિ કરતા) મુનિ કેવળી થયા ?

પ્ર.૭૩ ઈરિયાવહિયં સૂત્ર.

પ્ર.૭૪ ક્યા સૂત્રમાં હાથી, સિંહ, કમળ, દિપક સાથે ભગવાનની સરખામણી કરાય છે ?

ઉ.૭૪ નમુત્થુણં સૂત્ર.

પ્ર.૭૫ ક્યા વ્રતને સ્વીકારવાથી શ્રાવક સાધુ જેવો બને ?

ઉ.૭૫ પૌષધ, સામાયિક.

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

પ્ર.૭૬ ક્યા કારણ (ક્રિયા)થી ત્રણ નરકના દલિયા ઓછા થયા ?

ઉ.૭૬ ૧૮૦૦૦ સાધુને ભાવથી વંદના કરવાથી.

પ્ર.૭૭ ક્યું સૂત્ર કળશ કરતાં બોલવામાં આવે છે ?

ઉ.૭૭ મોટી શાંતિ, નવકાર, ઉવસગ્ગહરં.

પ્ર.૭૮ ક્યા સૂત્રથી ૨ / ૩ લીટી બોલતાં (વિધિ વખતે) માથા પર પાણીના છાંટણા કરાય છે ?

ઉ.૭૮ મોટી શાંતિ.

jainuniversity.org

પ્ર.૭૯ ક્યા સૂત્રોના પાઠો સાધુ મહારાજ પ્રતિક્રમણમાં સુધારીને બોલે છે ?

ઉ.૭૯ કરેમિ ભંતે, ઈચ્છામિ ઠામિ.

પ્ર.૮૦ ક્યા સૂત્રોના પાઠો સમય જોઈને સુધારીને બોલાય છે ?

ઉ.૮૦ ઈચ્છાકાર, અબ્ભુટ્ઠિઓ, વંદિત્તુ, અતિચાર, વાંદણા, ઈચ્છામિ ઠામિ, પ્રતિક્રમણ ઠાઉં ?

પ્ર.૮૧ 'જંકિંચિ' શબ્દથી શરૂ થતા પદો લખો ?

ઉ.૮૧ જંકિંચિ નામ તિત્થં, જંકિંચિ અપત્તિઅં, જંકિંચિં મજ્જવિણય.

सर्व ज्ञानाय भवतु

પ્ર.૮૨ 'નમો' શબ્દથી શરૂ થતાં પદો લખો ?

ઉ.૮૨ નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયણં, નમો લોએ સવ્વસાહૂણં, નમો જીણાણં, નમોઽર્હત્, નમોસયાસવ્વ., નમોઽસ્તુ વર્ધમાનાય, નમો નમઃ શાન્તિનાથાય, નમો નમો હ્રૂઁ હ્રીઁ, નમો નમો ભગવતેઽર્હતે, નમો નમઃ શાંતયે તસ્મૈ, નમો ખમાસમણાણં.

પ્ર.૮૩ 'ઈ' શબ્દથી શરૂ થતાં સૂત્રના નામો લખો ?

ઉ.૮૩ ઈચ્છામિ, ઈચ્છાકાર, ઈચ્છાકારેણસંદિસહભગ., ઈરિયા, ઈચ્છાકારેણ સંભ. અબ્ભુટ્ઠિઓ, ઈ.સં.ભ. ચૈત્યવંદન, ઈચ્છામિ ઠામિ.

પ્ર.૮૪ ઉપધાનમાં ક્યા સૂત્રની તપ–સહિત વાચના (અનુજ્ઞા) લેવાય છે ?

ઉ.૮૪ નવકાર, લોગસ્સ, પુક્ખરવર, નમુત્થુણં, સિદ્ધાણં, ઈરિયાવહીયં, તસ્સઉત્તરી, અન્નત્થ, અરિહંતચેઈઆણં.

પ્ર.૮૫ કાઉસગ્ગ પૂર્ણ થયો તે બીજાને ખબર કેમ પડે ?

ઉ.૮૫ 'નમો અરિહંતાણં' મોટેથી બોલવાથી. (મુખ્ય સાધુ મહારાજ કાઉસગ્ગ પારે પછી જ પરાય)

પ્ર.૮૬ ક્યા પ્રતિ.ના એક જ કાઉ.માં ક્યા બે સૂત્રનું સ્મરણ થાય છે ?

ઉ.૮૬ સંવત્સરીના પ્રતિ.માં ૪૦ લોગસ્સ અને ૧ નવકાર બોલાય છે.

પ્ર.૮૭ કાઉસગ્ગમાં ક્યા સૂત્ર સંપૂર્ણ, અપૂર્ણ અને થોડું ઓછું સ્મરણ કરવાનું હોય છે ?

ઉ.૮૭ સંપૂર્ણ–શાંતિનાં કાઉમાં., અપૂર્ણ–સાગરવર ગંભીરા–કુસુમિણ સ્વપ્ન, ઓછું (અપૂર્ણ)–ચંદેસુ નિમ્મલયા–વિધિના કાઉસગ્ગમાં.

પ્ર.૮૮ ક્યા પ્રતિ.માં પચ્ચક્ખાણ આવશ્યકની મુહપત્તિનું બે વખત પડિલેહણ થાય છે ?

ઉ.૮૮ પક્ખી, ચઉમાસી, સંવત્સરી, દેવસી.

પ્ર.૮૯ માત્ર મુહપત્તિનું પડિલહેણ કરી ક્યા પ્રતિક્રમણનો પ્રારંભ થાય ?

ઉ.૮૯ પક્ખી, ચોમાસી, સંવત્સરી.

પ્ર.૯૦ પ્રતિ.માં ચાલુ ક્રિયા(સૂત્ર) ફરી ક્યા કારણે કરવી પડે ?

ઉ.૯૦ છીંક આવવાથી, આડ પડવાથી.

પ્ર.૯૧ વર્ષમાં ક્યા ૬ સળંગ દિવસોમાં પાંચમાંથી ચાર (પાંચ) પ્રતિક્રમણ સંઘ કરે છે ?

ઉ.૯૧ દિવસ–શ્રાવણ વદિ ૧૪ થી ભાદરવા સુદ–૪ પ્રતિક્રમણ–ચોમાસી પ્રતિક્રમણ છોડી–બાકીના–૪ + માંગલિક.

પ્ર.૯૨ સાધુ–સાધ્વીજી માંગલિક પ્રતિ. ક્યારે કરે ?

ઉ.૯૨ પક્ખી–ચોમાસી–સવંત્સરીના આગલા દિવસે, વિહાર કરેલ હોય તે દિવસે.

પ્ર.૯૩ સાધુ સાધ્વી હોવા છતાં માત્ર શ્રાવકો જ પ્રતિક્રમણમાં કઈ ક્રિયા ક્યું સૂત્ર બોલી કરે ?

ઉ.૯૩ સામાયિક લેવા પારવાની વિધિ, અઙ્ઢાઈજ્જેસુ સૂત્રદ્વારા વંદનાની ક્રિયા.

પ્ર.૯૪ પાંચ પ્રતિ.માં આવતા થોયના–૩ જોડા ક્યા બે પ્રતિ.માં માત્ર ૧૨ કલાકમાં બોલાય ?

ઉ.૯૪ થોય–૧. કલ્લાણ કંદ, ૨. સંસાર દાવા, ૩. સ્નાતસ્યા.

પ્રતિક્રમણ–રાઈ, ૨. પક્ખી–ચઉમાસી–સવંત્સરી.

પ્ર.૯૫ ક્યા બબ્બે સૂત્રનું છેલ્લું પદ એક છે, પણ અર્થ પ્રવૃત્તિ–જુદી છે ?

ઉ.૯૫
- ☐ સૂત્ર–અબ્ભુટ્ઠિઓ પદ–તસ્સ મિચ્છામિ દુક્કડં પ્રવૃત્તિ–ક્ષમાપના
- ☐ સૂત્ર–ઈરિયાવહિયં પદ–તસ્સ મિચ્છામિ દુક્કડં પ્રવૃત્તિ–પાપની આલોચના
- ☐ સૂત્ર–ઈચ્છામિઠામિ પદ–તસ્સ મિચ્છામિ દુક્કડં પ્રવૃત્તિ–પાપની આલોચના
- ☐ સૂત્ર–સવ્વવિ પદ–તસ્સ મિચ્છામિ દુક્કડં પ્રવૃત્તિ–પાપની આલોચના
- ☐ સૂત્ર–કરેમિભંતે પદ–અપ્પાણં વોસિરામિ પ્રવૃત્તિ– પ્રતિજ્ઞા પ્રારંભ
- ☐ સૂત્ર–અન્નત્થ પદ–અપ્પાણં વોસિરામિ પ્રવૃત્તિ– કાઉસગ્ગ પ્રારંભ
- ☐ સૂત્ર–વાંદણા પદ–અપ્પાણં વોસિરામિ પ્રવૃત્તિ– અવિનયની ક્ષમા

પ્ર.૯૬ ક્યા સૂત્રની છેલ્લા ગાથા એક સરખી છે ?

ઉ.૯૬ જય વીયરાય સૂત્ર, લઘુશાંતિ સૂત્ર, મોટીશાંતિ સૂત્ર.

પ્ર.૯૭ સાધુ મ. પ્રતિક્રમણમાં શ્રાવકોથી જુદા ક્યા સૂત્રો બોલે છે ?

ઉ.૯૭ (૧) વંદિતુ–પગામસજઝાય, (૨) નાણંમિ–સયણા સણન્નપાણે, (૩) સાતલાખ–ઠાણે કમણે,

(૪) અતિચાર–પક્ખી અતિચાર, (૫) પક્ખી સૂત્ર, (૬) ખામણા (નવકાર)=ચાર ખામણાના પાઠ.

પ્ર.૯૮ ક્યા સૂત્રની એક ગાથામાં સંસ્કૃતની આઠે વિભક્તિનો પ્રયોગ છે ?

ઉ.૯૮ સૂત્ર–સકલાડર્હત્ ગાથા–વીર સર્વ.

પ્ર.૯૯ થોય–સ્તવન–સૂત્ર રાગ– (ચાલ) કાઢ્યા વિના ઉતાવળે ક્યારે બોલાય ?

ઉ.૯૯ સાધુ સાધ્વીના કાળ ધર્મના સમાચાર આવ્યા પછી દેવ વંદન કરતી વખતે.

પ્ર.૧૦૦ સત્તર ભેદી પૂજાનો દંડ ક્યા કારણે પ્રતિક્રમણ કરનારને થાય ?

ઉ.૧૦૦ છીંક આવવાથી (ચોમાસી–સંવત્સરી આદિ પ્રતિક્રમણમાં)

પ્ર.૧૦૧ રાત્રી પોષાતી પ્રતિક્રમણ પૂર્વે ખાસ કઈ ક્રિયા કરે છે ?

ઉ.૧૦૧ માંડલા, (ચારે દિશામાં જવાની મર્યાદા બાંધવા)

પ્ર.૧૦૨ પ્રતિક્રમણમાં પોષાતી જરૂરી શબ્દ અથવા સૂત્ર ક્યા સુધારીને બોલે ?

ઉ.૧૦૨ સૂત્ર ૧) કરેમિ ભંતે શબ્દ જાવ પોસહં, ૨) સાત લાખ, અઢાર પાપના બદલે ગમણા ગમણે.

પ્ર.૧૦૩ રાત્રી પોષાતી પ્રતિક્રમણ બાદ કઈ ક્રિયા કરે ?

ઉ.૧૦૩ સંથારા પોરિસિ, ભણાવવાની.

પ્ર.૧૦૪ પાંચ પ્રતિક્રમણના સૂત્ર દ્વારા કઈ કઈ ધાર્મિક ક્રિયાઓ થાય ?

ઉ.૧૦૪ ૧) સામાયિક લેવાનું ૨) રાત્રી પ્રતિક્રમણ, ૩) ચૈત્યવંદન, ૪) દેવવંદન,
૫) ગુરૂવંદન, ૬) પૌષધ, ૭) દેવસી પ્રતિક્રમણ,
૮) ચોમાસી પ્રતિક્રમણ, ૯) પક્ખી પ્રતિક્રમણ, ૧૦) સંવત્સરી પ્રતિક્રમણ,
૧૧) સંથારા પોરિસી, ૧૨) ઉપધાન, ૧૩) પચ્ચક્ખાણ પારવાનું,
૧૪) સામાયિક પારવાનું, ૧૫) પડિલેહણ, ૧૬) દ્વાદશાવર્ત વંદન, ૧૭) રાઈમુહપત્તિ,
૧૮) માંડલા, ૧૯) ગમણા ગમણે, ૨૦) સજ્ઝાય, ૨૧) શાંતિકળશ.

પ્ર.૧૦૫ કોઈપણ ૧૦ સૂત્ર અને તેના રચયિતાના નામ આપો ?

ઉ.૧૦૫ ૧) જગ ચિંતામણિ–શ્રી ગૌતમ સ્વામીજી, ૨) સકલાર્હત્–શ્રી હેમચંદ્રાચાર્યજી,
૩) ભક્તામર, નમિઉણ–શ્રી માનતુંગસૂરિજી, ૪) ઉવસગ્ગહરં–ભદ્રબાહુસૂરિજી,
૫) નમોऽર્હત્ / કલ્યાણ મંદિર–શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજી,
૬) લઘુશાંતિ–શ્રી માનદેવસૂરિજી, ૭) સંસાર દાવા–શ્રી હરિભદ્રસૂરિજી,
૮) સકલ તીર્થ–શ્રી જીવવિજયજી, ૯) અજીતશાંતિ–શ્રી નંદિષેણમુનિ,
૧૦) સંતિકરં–શ્રી મુનિસુંદરસૂરિજી.

પ્ર.૧૦૬ ક્યા સૂત્રના ક્યા અક્ષરને છોડીને, સુધારીને, સમય જોઈને બોલાય છે ?

ઉ.૧૦૬ ૧) વાંદણા ‘આવસ્સિયાએ (બીજીવાર), ૨) ઈચ્છાકાર સુહરાઈ (સુહદેવસિ),
૩) અબ્ભુટ્ઠિઓ દેવસિઅં (રાઈયં), ૪) રાઈઆદિ પ્રતિક્રમણમાં જરૂરી સ્થળે રાઈયં.

પ્ર.૧૦૭ સાધુ અને પોસાતીને ધન્યવાદ પ્રતિક્રમણમાં શ્રાવકો ક્યા શબ્દથી આપે ?

ઉ.૧૦૭ 'સાધુ–ધન્ય મુનિરાજ' (પક્ખી અતિચારમાં તથા ઠાણક્કમણે સૂત્ર પછી)

'પોસાતી– ધન્ય પોસાતી' (ગમણા ગમણે સૂત્ર બોલ્યા પછી) બોલવામાં આવે છે.

પ્ર.૧૦૮ ક્યા સૂત્ર પંચ પ્રતિક્રમણની વિધિમાં બોલાતા નથી ?

ઉ.૧૦૮ પંચિંદિયસૂત્ર, સંથારાપોરિસી, સાગરચંદો, સામાઇય વયજુત્તો, મન્હ જિણાણં.

પ્ર.૧૦૯ ઠાવ્યા વગર ક્યા ક્યા પ્રતિક્રમણ થાય છે ?

ઉ.૧૦૯ પક્ખી, ચઉમાસી, સંવત્સરી.

પ્ર.૧૧૦ ક્યા પ્રતિક્રમણમાં ક્યા સૂત્રનો શબ્દ (અક્ષર) સુધારી બોલાય છે ?

ઉ.૧૧૦ ચઉંમાસી પ્રતિક્રમણમાં વાંદણા સૂત્રને 'વઈક્કંતો' શબ્દ સૂધારવાનો હોય છે.

પ્ર.૧૧૧ છ આવશ્યક વિનાની મુહપત્તિનું પડિલહેણ પ્રતિક્રમણમાં ક્યારે થાય ?

ઉ.૧૧૧ પક્ખી પ્રતિક્રમણ, ચોમાસી, સંવત્સરી, સામાયિક લેવાની, પારવાની વિધિમાં.

પ્ર.૧૧૨ પ્રતિક્રમણમાં ૨+૨+૨=૬ વાંદણા એકસાથે ક્રમશઃ ક્યારે બોલાય છે ?

ઉ.૧૧૨ પક્ખી, ચોમાસી, સંવત્સરી, પ્રતિક્રમણ સમાપ્ત થાય ત્યારે ક્રમશઃ ખામણા ખામ્યા.

પ્ર.૧૧૩ પંચ પ્રતિક્રમણમાં ક્યુ સૂત્ર સાધુ / શ્રાવક થોડું સાભળે / થોડું બોલે છે ?

ઉ.૧૧૩ સંસાર દાવા, નમોડસ્તુ, અતિચાર.

પ્ર.૧૧૪ છ આવશ્યકમાં ક્યા ક્યા આવશ્યકનો પ્રારંભ 'મુહપત્તિ'ની પડિલહેણથી થાય છે ?

ઉ.૧૧૪ સામાયિક, વંદણ, પચ્ચક્ખાણ.

પ્ર.૧૧૫ ૨૨ ભગવાનના સાધુ પ્રતિક્રમણ ક્યારે કરે ?

ઉ.૧૧૫ જે સમયે દોષ લાગ્યો હોય તે સમયે જ કરી લે.

પ્ર.૧૧૬ પ્રતિક્રમણમાં પૂ.સાધુ મ.ક્યા સૂત્ર શ્રાવક બોલે તો સાંભળે ? (આદેશ આપે)

ઉ.૧૧૬ થોય, સ્તવન, સંતિકરં, અજિતશાંતિ, મોટી શાંતિ, નાની શાંતિ.

પ્ર.૧૧૭ 'ઈચ્છકાર' સૂત્ર ક્યા પ્રતિક્રમણમાં બોલાય છે ?

ઉ.૧૧૭ રાઈ પ્રતિક્રમણમાં.